॥ શ્રી ગણેશાયનમઃ ॥

છોટમ કૃત.

ગુરૂમહીમા જ્ઞાનની સપ્ત ભુમીકા-હંસબાવની.

જન હીતાર્થે.

ગુરૂ કૃપાથી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

કેશવલાલ મગનલાલ.

અમદાવાદમા રાયપુર પખાલીની પોળમાં બ્રહ્મપુરીમાં.

અમદાવાદ.

" ધી જ્યુબીલી પ્રીન્ટીંગ વર્કસ, "

સંવત ૧૯૬૦. ઈ. સ. ૧૯૦૪.

આવૃત્તિ ૧ લી. પ્રત. ૧૦૦૦.

મુલ્ય રૂ. ૦-૧-૬.

॥ श्री गणेशायनमः ॥



अथ गुरुमहिमा.

॥ દોહા ॥

પારવતી શીવને કહે પ્રેમે લાગી પાય,
ગુરૂ દીક્ષા આપો મુંને કૃપા કરી શીવરાય; ॥ ૧ ॥

કીયે મારગે ઓ પ્રભુ દેહી બ્રંહ્મમય થાય,
કેવા ગુરૂને શેવતાં ભવનાં સંકટ જાય; ॥ ૨ ॥

શંકર કહે સુણજો તમો પારવતી ધરી પ્રીત,
ભાવ થકી તમને કહું ગુરૂ શેવાની રીત્ય; ॥ ૩ ॥

ગુરૂપદ પંકજ પુજતાં તાપ સકળ ટળી જાય,
ભવસાગરને તારવા સમરથ છે ગુરૂરાય; ॥ ૪ ॥

દુર્લભ ત્રણે લોકમાં સાર તણું જે સાર,
ગુરૂ વીના બીજુ નથી એ નિશ્ચે નિરધાર; ॥ ૫ ॥

જપ તપ તિરથ જે કરે કરે જગ્ન વ્રત દાંન,
ગુરૂ તત્વ જાણે નહિ તેજ મુઢ અગ્નાંન; ॥ ૬ ॥

કાવ્ય છંદ.

ગુઢ અવિદ્યા જુવો દેહ રૂપે છે માયા,
છે કેવલ અગ્નાંન જીવ તેમાં અવરાયા;
ઉદય કરે નિજ આપ મલે સદગુરૂને ઝારે,
ટાલે ભવ સંતાપ પાપના ઓઘ નીવારે; ॥ ૧ ॥

ભમતાં તીર્થ અપાર હોય જનને ફલ જેવું,
ગુરૂ ચરણોદક શીશ ધરે પામે ફલ તેવું;
ગુરૂ ચરણોદક લેશ કોય જો મુખમાં ધારે,
ઘોર સીંધુ સંસાર તે થકી પાર ઉતારે: ॥ ૨ ॥
ગુરૂ મંત્રનો જાપ ધ્યાંન શ્રી ગુરૂનું ધરવું,
ગુરૂ ઉચ્છીષ્ટ પ્રસાદ પાંન ચરણોદક કરવું; ॥ ૩ ॥
ગુરૂનો જહાં નીવાસ તેજ સ્થલ કાશી કહીયે,
ચરણોદક તે ગંગ ગુરૂ વિશ્વેશ્વર લહીયે,
આપે તારક બ્રંહ્મ નહી કાંય સંશે તેમાં;
ગુરૂ પદ અંકીત હોય ગયા પણ જાંણો એમાં, ॥ ૪ ॥
તિરથ રાજ પ્રયાગ એજ અક્ષય વડ જાંણો;
ગુરૂ મુરતીનું ધ્યાન નીત્ય અંતરમાં આંણો,
ગુરની આજ્ઞા હોય કાંમ તે રીતે કરીયે;
દેખી ગુરૂનો દેહ મનુશનો ભાવ ન ધરીયે; ॥ ૫ ॥
કેવલ ચૈતનરૂપ ગુરૂ મુરતીને ન્યાળો,
ધરતાં ઉરમાં ધ્યાંન પાપના ઓઘ પ્રજાલે;
જાતિ આશ્રમ તણું માંન મનમાં ના ધરીયે,
કરી સર્વનો ત્યાગ ગુરૂ ભાવે અનુસરીયે, ॥ ૬ ॥
આંણી ભાવ અનંન્ય એકલા ગુરૂને ભજીયે,
મન અરપી ગુરૂ માંય વાસના સઘળી તજીયે;
દેહ નગરની માંય આંણ્ય એક ગુરૂની વરતે,
પાપ પ્રવરતી જાય વારના લાગે તરતે; ॥ ૭ ॥
વાહન સેજ્યા વસ્ત્ર ગુરૂને અરપણ કરીયે,
પાંમે ગુરૂ સંતોષ ભેદ ભાવેથી ધરીયે;
સુતવીત દારા દેહ સહીત ગુરૂ શેવા સજીયે,
દીર્ઘ દંડવત નમી લોક લજાને તજીયે; ॥ ૮ ॥
મન વાંણીને કર્મ વડે ગુરૂ દેવ ઉપાસે,
ટળે કોટી સંતાપ પાપના આવે પાસે;
આળસને અજ્ઞાંન તજી ગુરૂ આધીન રહેવું,
અસત્ય તજી અસૂય ગુરૂ આગળ ના કે'વું; ॥ ૯ ॥

ઇશ્વર થકા અધીક ગુરૂને જે નર જાંણે,
પાંમે નહિ પરબ્રહ્મ ઠરે નહી નીજ ઠેકાંણે;
બ્રહ્મા વિષ્ણુ મહેશ શેશ ગુરૂ આધીન રહે છે,
ગુરૂ એજ પરબ્રહ્મ એમ કહી વેદ વદે છે; ॥ ૧૦ ॥
અંધ થયેલા જીવ તીમીર અજ્ઞાંને ગાઢે,
આંજી અંજન જ્ઞાંન નેત્રને ગુરૂ ઉઘાડે;
અખંડ મંડલાકાર ચરાચર વ્યાપક રહે છે,
તે તત્ પદનો લક્ષ ગુરૂ દરશાવી દે છે; ॥ ૧૧ ॥
કોટી જન્મનાં કર્મ કાષ્ટવત કહીયે એને,
જ્ઞાંન અગ્નિયે કરી ભસ્મ કરી દેછે તેને;
ધ્યાંન સકલનું મુલ ગુરૂની મુરતી કહીયે,
પુજા કેરૂ મુલ ગુરૂપદ પંકજ લહીયે; ॥ ૧૨ ॥
મંત્ર સરવનુ મુલ તેજ ગુરૂ મુખની વાંણી,
મોક્ષ મુલ ગુરૂ કૃપા સર્વજન લેજો જાંણી;
દેવ પીત્રી ગંધર્વ યક્ષને મુનીયો જેવા,
કરી નથી શકતા કોય યથા વિધી ગુરૂની શેવા; ॥ ૧૩ ॥
સીધ મુની કે દેવ પીત્રી કે ગાંધ્રવ કેને,
ગુરૂ શેવાથી હીન મોક્ષ નથી મલતો તેને;
કોપે જો શીવરાય તોય લે ગુરૂ ઉગારી,
જો કોપે ગુરૂરાય શકે નહી શીવ નીવારી; ॥ ૧૪ ॥
વંદુ ગુરૂ પદ જુગલ ન પોચે મનને વાણી,
સ્વેતરક્તથી ભીન શીવ શક્તિમય જાંણી,
ગુણાતીત પર બ્રહ્મ રૂપ વરણીત જે કહીયે,
આદી અક્ષર દોય નામ તે ગુરૂનું લહીયે; ॥ ૧૫ ॥
ગુરૂ નામનો મંત્ર સરવ મંત્રાનો રાજા,
જપતાં એનો જાપ મોક્ષ પામ્યા જન ઝાઝા;
દેવી દૈવત પરમ ધરમ દ્રઢ ગુરૂનો ગ્રહીયે,
ભોગ મોક્ષ દાતાર સાર સરવેનું લહીયે; ॥ ૧૬ ॥
દેહ ઇંદ્રી મન પ્રાણ ગુરૂ શેવામાં વરતે,

પાપ ન કરે પ્રવેશ ધ્યાન ગુરૂજીનું ધરતે;
કિટ ભમરનું ધ્યાન ધરે ભમરો હોય જેવો,
જીવ ગુરૂનું ધ્યાન ધારતાં થાયે તેવો; ॥ ૧૭ ॥
શ્રી ગુરૂ બ્રહ્માનંદ પરમ સુખદાયક કહીયે,
તત્વ મસીનો લક્ષ જ્ઞાન મુરતી ગુરૂ લહીયે,
એક નીત્યને અમલ અચલ ગુણ વરજીત જાણો,
સહુમાં સાક્ષિરૂપ એજ સતગુરૂ પરમાણો; ॥ ૧૮ ॥
હાવે કહુ છું ધ્યાન સુરત ધરી સુણજો હેવી,
સહસ્ર દલની માંય ધારવી મુરતી તેવી;
બે ભુજને બે નેત્ર ચંદ્રના જેવી કાંતી,
ધારો સીશ શ્રીરાજ તાપત્રય થાશે શાંતિ; ॥ ૧૯ ॥
શ્વેત વસ્ત્રને પુષ્પ ગલે મોતીની માલા,
ધારે શક્તિ સમેત શમાવે ભવ દુખ ઝાલા;
મંદ મંદ મુખ હાસ માહા કરૂણા મય દ્રષ્ટી,
જનના સામુ જુવે કરે અમૃતની વ્રષ્ટી; ॥ ૨૦ ॥
દાવાનલ સંસાર ઘેર કાલા નાગ જેવો,
કૃપા અમૃને કરી થાય સુખ દાયક તેવો;
બ્રહ્મ રંધ્રનિમાંય સ્વેત પંકજ સુખકારી,
ચંદ્રમંડલની મધ્યરૂપ ગુરુનું લો ધારી; ॥ ૨૧ ॥
અકાર આદી ત્રણ્ય સુભગ રેખાયે કહીયે,
સહસ્ર દલની મધ્ય યંત્ર ત્રીકોણજ લહીયે;
તેની મધ્યે હંસ હંસ મધ્યે ગુરૂ ધારે,
કરો માનસી શેવ પછી સોલે ઉપચારે; ॥ ૨૨ ॥
આસન રત્ન અમુલ્ય સ્નાન વીધી કરીયે સારી,
વસ્ત્રાભુષણ અંગ લેપ ચંદન સુખકારી;
સાર સુમનના હાર પ્રીત આણી પહેરાવો,
ધુપ દીપ નઇવેદ ભાવતા ભોગ ધરાવો; ॥ ૨૩ ॥
જોડીને બે હાથ પ્રકંમા પ્રીતે કરીયે,
દીર્ઘ દંડવત કરી સ્તુતિ વચને ઉચરીયે;

એમ માનસી શેવ નેમ ધારી નિત્ય કરશે,
કહે છોટમ તે જન મુક્ત થઇ ભવ જલ તરશે; ॥ ૨૪ ॥
આપ પાપને તાપ ગુરૂ ભજતાં નવ લાગે,
અકાલ મૃત્યુ ન હોય ભુત પ્રેતાદીક ભાગે;
સીંહ વ્યાઘ્ર કે સર્પ શતરૂ કોય ન નડે તેને,
અનેક વિઘ્નથી આપ ગુરૂ ઉગારે એને; ॥ ૨૫ ॥
સકલ મનોરથ સીધ થાય, ગુરૂ ભજતાં ભાવે,
મલે બ્રહ્મ નિમાંય ગર્ભમાં તે નવ આવે;
દેવી દેવ સમસ્ત કૃપા ગુરૂ જનપર આણે,
કહે છોટમ ગુરૂ ભક્ત મુક્ત થઇ મહા સુખમાણે; ॥ ૨૬ ॥

દોહા.

ગુરૂ બ્રહ્મા ગુરૂ શ્રી હરી ગુરૂજી દેવ મહેશ,
કહે છોટમ ત્રીલોકમાં સહુથી ગુરૂ વીશેશ ॥ ૧ ॥
તીરથના તીરથ ગુરૂ દેવ તણા એ દેવ,
કહે છોટમ સહુ પરહરી કરીયે ગુરૂની શેવ; ॥ ૨ ॥
ગુણથી ને વલી રૂપથી અલગ દેખાડે આપ,
કહે છોટમ તે સદગુરૂ ટાલે ભવના તાપ; ॥ ૩ ॥
ચલી ગયેલા ચીતને ઠીક ઠરાવે ઠામ.
બેસો કરી દે બ્રહ્મમાં ગુરૂ તો તેનું નામ: ॥ ૪ ॥
ઘોખોટાલી ના સકે ધન ધુતીને જાય,
કહે છોટમ તે ગુરૂ થકી કારજ કશું ન થાય ॥ ૫ ॥
વીક્રમ સંવત ઓગણી બત્રીસ ચઇતર માસ,
સારગુરૂ ગીતા તણું કીંચીત કર્યું પ્રકાશ; ॥ ૬ ॥
ઉતમ ગુરૂ ઉપાસના કરશે નરને નાર.
કહે છોટમ ભવ જલ તરી સુખે પામે પાર; ॥ ૭ ॥

સંપૂર્ણ.

સપ્ત ભુમિકા જ્ઞાનની.

રાગ ધોળ.

ગુરૂથી જેને ગ્નાંન મળયું છે તેની એવી રીત જોને,
ચીતવૃતીને ચઢતી ચઢતી ગ્નાંન ભોમીકા સાત જોને; ॥ ૧ ॥
વેદાંતે તેવરણુત્ર કીધું જગ્નાસુ ને માટે જોને,
મોક્ષ થવાની ઇચ્છા જેને તેજ ચઢે એ વાટે જોને; ॥ ૨ ॥
પેહેલી ભોમી નામ સુભેચ્છા તેહેનું લક્ષણ એહ જોને,
સંસાર સઘળો અનિત ભાસે, સદગુરૂ સાથે સ્નેહ જોને; ॥ ૩ ॥
વેહેતી વૃતી વશ કરવાને શમદમ સાધન સાધે જોને,
એ ભોમીનું નામ સુભેચ્છા વીવેક બુધ્ધી વાધે જોને; ॥ ૪ ॥
વિચારણા છે બીજી ભોમી તે સુણજો નીરધાર જોને,
મહા વાકય ગુરૂ મુખથી સુણતાં, મનન કરે બહુ વાર જોને; ॥ ૫ ॥
તમપદ તદપદ લક્ષ સમજવા; વીચાર ઉપજે જેહ જોને,
ગ્નાંન ભોમાકા ચિતવૃતીની વીચ્ચારણા છે તેહ જોને; ॥ ૬ ॥
તનુમાનસા છે તીજી ભોમી, પ્રગટ કરી દેખાડું જોને,
ચંચલ મન તે બહુ વસ્તુમાં થયુ ભમીને જાડું જોને; ॥ ૭ ॥
જાડુ મન તે બ્રહ્મ લક્ષમાં એકાગ્રતા ના થાય જોને,
રાત્ય દીવસ અભ્યાસ કરયાથી મન ઝીણું થઇ જાય જોને; ॥ ૮ ॥
તનુ નાંમ છે ઝીણા કેરૂ, મનસાં મનનું નામ જોને,
ઝીણું હોય તે બ્રહ્મરૂપમાં ઠરી રહેતો ઠામ જોને; ॥ ૯ ॥
જે ગ્નાનીના ચીતની વૃતી, ધ્યાને ઝીણી થાય જોને,
તનુમાનસા ભોમી કેરો તે ગ્નાની કહેવાય જોને; ॥ ૧૦ ॥
ત્રણ ભોમીકા સાધી જેણે નિર્મળ કીધું મન જોને,
ચોથી ભોમી સત્વા પતી પામે પામે વળતો જન જોને; ॥ ૧૧ ॥
અંતઃકરણની વૃત્તી જ્યારે સુધ્ધ સત્વ મય થાય જોને,
અહં બ્રહ્મ એ નીશ્ચેમાંથી ચીત ચળી ના જાય જોને; ॥ ૧૨ ॥
સ્થુળ સુક્ષમને કારણ દેહથી અહંભીન્ન થઇ રહે છે જોને,
ચોથી ભોમી સત્વ પત્તી તે નર પામ્યો કહે છે જોને; ॥ ૧૩ ॥

બ્રહ્મરૂપમાં ચીત મળીને બ્રહ્મ સરીખુ હોય જોને,
બ્રહ્મ દશા તો તેવા નરને થઇ કહેછે સહુ કોય જોને; ॥ ૧૪ ॥
ચોથી ભોમીની બ્રહ્મ દશાથી સીદ્ધ થલો હોય જોને,
અસં શકતીએ ભોમી પાંચમી પામે છે જન સોય જોને; ॥ ૧૫ ॥
સીદ્ધ દશામાં સર્વે સીદ્ધીઓ આવી હાજર થાય જોને.
બ્રહ્મ દશાથી હેઠો ઉતરી તેમાં ના લોભાય જોને; ॥ ૧૬ ॥
ઇંદ્રાદીક લોકોના સુખની આ શકતી નહી એને જોને,
અસં શકતી એ ભોમી કહીએ અચળ બ્રહ્મ સુખ તેને જોને; ॥ ૧૭ ॥
પદાર્થ ભાગવની છઠી ભોમી તેની એવી રીત જોને,
બ્રહ્મ વીના જે અન્ય પદાર્થ દેખે સર્વ અનિત્ય જોને; ॥ ૧૮ ॥
ઘટ પટ આદી સર્વ પદાર્થ બ્રહ્મરૂપથી ભાળે જોને,
પદાર્થ રૂપે કોય પદાર્થ ભેદ કરી ના ન્યાળે જોને; ॥ ૧૯ ॥
કનક થકી કટ કુડલ તેને, કનકરૂપ કરી લેખે જોને,
બ્રહ્મ થકી જે જગત થયું તે બ્રહ્મજરૂપે દેખે જોને; ॥ ૨૦ ॥
પદાર્થગાં જે બ્રહ્મ ભાવના, પદાર્થ ભાવની નાંમ જોને,
હવે કહુંછું તટષ્ટતુરીયા, તે ઠરવાનો ઠામ જોને; ॥ ૨૧ ॥
ભોમી સાતમી નામ તુર્યગા, જે હોય તુરીયારૂપ જોને,
જીવ બ્રહ્મની થાય એકતા આનંદ કંદ અનુપ જોને; ॥ ૨૨ ॥
તુરીયારૂપે સદાય રહેતે પાછો હઠી ના જાય જોને,
પરા લબ્ધથી દેહ રહે પણ જીવન મુકત ગણાય જોને; ॥ ૨૩ ॥
છોટમ કહે એ ભોમી સાતમી, નામ તુરીયગા કહે છે જોને,
રખભ દેવને જંડભરથાદી, તે ભોમીમાં રહે છે જોને; ॥ ૨૪ ॥

રાગ ગરબી
સીતાજીના મહીનાનો રાગ.

ભજન થકી. ભય ભવનો ભાગે તારેતાર કરતાનુ લાગે;
અનુભવ જ્યોતી રૂદે જાગે ભજન થકી ભયભવનો ભાગે ટેક—
કારતકે કરમ ઘણા કાપે અમર મંત્ર સદગુરૂજી આપે,
જાગેજ્યોત અલખ તણે જાપે; ॥ ભજન ૧ ॥

આગસર મુળે બાંધો મનને તપાસીને શોધી જુવો તનને,
ચાલે તે તો જોરે એ ચૈતનને; ॥ ભજન ૨ ॥
પોસે સદુપાર ગ્હયો પ્રેરે નથી નાથ અલગો જુવોનેરે,
હરીના જન હોય તે હેરે; ॥ ભજન ૩ ॥
માહાએ માહા પદ મોટુ માટે હોરી લેવું સદગુરને હાટે,
સાંટવીએ તનમન સાટે; ॥ ભજન ૪ ॥
ફાગણે તો ફુલેથી ફલ લાગે તરૂ પત્ર જુનાં સરવ ત્યાગે,
જેને રૂદે ભકતી એવી જાગે; ॥ ભજન ૫ ॥
ચૈતરે ચીત રહે ચળતુ માહાલે મન ગુરૂ શબ્દે મલતુ,
વશા પછી શુ કરવું વલતુ; ॥ ભજન ૬ ॥
વૈસાખે ચ્યાર વદે વાંણી અક્ષર સ્વર ઉચ્ચારે આંણી,
જુક્તે તેનો કરતા લેવો જાણી; ॥ ભજન ૭ ॥
જેઠે એ જોગ કરયો જેણે ત્રીલોકીનુ સાર લહ્યુ તેણે,
અલોકીક લાહાવ લહ્યો એણે; ॥ ભજન ૮ ॥
આ ખાડે તે આવે નહી એવા: માંણ્યા ઝેણે ચાહારસના મેવા,
જનકશુક સેસ કપીલ જેવા; ॥ ભજન ૯. ॥
શ્રાવણે ઓ સીવ જાણે સાચા, વદે જે જીભ વીના વાચા,
ફલ નવ જાણે તે જીવ કાચા: ॥ ભજન ૧૦ ॥
ભાદરવે ભરમ ગયો ભાગી: લક્ષ માંહે સુરત રહી લાગી,
આપો પુ મુકી ગઇ આઘી ॥ ॥ ભજન ૧૧ ॥
આસોહંગ હંસ મળ્યા આપે, પરમગુરૂ કેરેપર તાપે,
જાગ્રત જન છોટમ એ જાપે: ॥ ભજન ૧૨ ॥

રાગ કનડો:

દેખો દેખો દુનીકે દોસ્ત: ગરજકે યાર ધને ॥ ટેક ॥
પડી ગરજ તો પાવ પરેગા: સરી ગરજ તો સલાંમ; ॥ ગરજ ૧॥
સ્વારથ છાંડી ભજે કોઇ સુરા: પવન પુત્ર જપુ રાંમ. ॥ ગરજ ૨ ॥
કછુ ન ચાહે ઓર કરે બંદગી: સોહી ભગત નીહ કાંમ. ॥ ગરજ ૩ ॥
છોટમ રાંમ સાહબ તબ રીઝે; હરદમ લેહક નાંમ. ॥ ગરજ ૪ ॥

॥ श्री गुरुभ्योनमः ॥

अथ हंसउपनीषद.

છપ્પો.

સદગુરૂ પરમદયાલ સદા શેવક ભયહારી ॥ પુછું જોડી પ્રાંણ્ય સુંણો પ્રભુ વીનતી મારી· ચચંલ મન ચોપાસ ફરે છે નીશદીન ભમતું: સ્થીર થઇ એક ઠાંમ નથીતવ પદમાં રમતુ ॥ તે ઉપાય મુજને કહો જેથી મનસ્થીરતા લહે : કહે છોટમ તત્વ રૂપમાં : સદાય નીશ્ચલ થઇ રહે ॥ ૧ ॥ સાંભલ્ય શીષ્ય સુજાંણુ હંસ ઉપનીષદ માંહી આત્મા સાક્ષાતકાર કહ્યો કરવાને ત્યાંહી જીવરૂપ જે પ્રાંણુ દેહ સરવેમાં રેછે ॥ હંસ હંસ એ મંત્ર સદા જપ તે જ કરે છે તે રાત્ય તથા દીવસ વીષે જાપ નીરંતર થાયછે કહે છોટમ મન તેમાં રમે તોજ બ્રહ્મમય થાયશે ॥ ૨ ॥ એકવીશ હજાર છસે જપ થાય નીરંતર ॥ જાંણી બ્રહ્મસરૂપ ધરે મન તેની અંતર ॥ ભીંતર જાંય સકાર હકારે બાહાર આવે ॥ તે ઉપર ૐકાર બ્રહ્મનું નામ કહાવે ॥ તે અક્ષરપર રાંમ છે તે ગુરૂ ગમથી જાશે લહ્યો કહે છોટમ ભવજલ તારવા તારકમંત્ર વેદે કહ્યો ॥૩॥ હંસ ઉપાસન યુકત શેષશંકરને ધાતા ॥ સુરપતી મુની મહાન થયા ત્રીભુવન જન ત્રાતા ॥ આશય અગમ અગાધ લહે નહી પાંમર પ્રાંણી : ભમતારે ભવમાંહ્ય ॥ સુણી શ્રુતી અવી હીત વાંણી તેજક દરશી ઠગ ગુરૂ તણા પાશ વીષે જઇને પડે ॥ કહે છોટમનીજ ઘર પાંમવા સુધો મારગ ના જડે ॥ ૪ ॥ હંસ ઉપાસન તણી જુકતી સાંભલ જે હાવે: કરતાં તે અભ્યાસ ફરી ભવમાં નહી આવે ॥ રદય કમલની મધ્ય હંસ જીવ આત્મારે છે: પ્રાંણવાયુની સાથ્ય મલીને શબ્દ કરે છે ॥ તે હંસ હંસ એ મંત્રને જીવ જપે છે સર્વદા કહે છોટમ મન તેમાં રમે પાપ તાપ ટાલે તદા ॥ ૫ ॥ એકવીસ હજાર

છસે તે ઉપર કહીયે ॥ રાત્ય દીવસનીમાંય આપ જપ સેહેજે લહીયે ॥ યોગીજનનુ ચીત સદા રેછે તે ઠાંમે ॥ જપતાં તેનો જાપ સીધી અણી મા ઠીક પામો ॥ વલી ભેદ રહિત ભજવા થકી બ્રંહ્મ લોકમાં જાય છે ॥ કહે છોટમ લહે લક્ષને તોજ બ્રહ્મમય થાય છે ॥ ૬ પ્રથમ ચક્ર આધાર: દેહની મધ્યે રેછે ધારી રાખે દેહ: નાંમ આધારજ કે એ ॥ તેપર સ્વાધી: ષ્ઠ.ન; મણીપુર તેપર લહીયે ॥ મણીપુર ઉપર ચક્ર અનાહત જાણી રહીયે ॥ વળી વીશુધ છે કંઠમાં આજ્ઞા ચક્ર ભ્રુડામ છે ॥ કહે છોટમ એપટ ચક્રપર સહશ્ર દલસુખ ધામ છે ॥ ૭ ॥ યોગ સીધીને કાજ હોય મન ઇછા જેને પંચપંચ યમને મપાયલા પ્રીત્યે તેને ॥ બ્રહ્મચર્ય ધરીધીર સ્વાદખટ રસના તજયા ॥ રહીગુફાની મધ્ય યોગપટ અંગે સજયા ॥ વલી પદમાસન આદે ઘણા આસન તણા પ્રકાર છે ॥ કહે છોટમ તે સાધે સદા જે રોગ તણા હરનાર છે ॥ ૮ ॥ યોગ સીધીને કાજય: વૃતીને અંતર વાલી રાખે શરલ શરીર નેત્ર નાશીપર ભાલી ॥ ષટે ચક્રની માંય ધારણા ક્રમ ક્રમ ધારે ॥ સ્વાસો સ્વાસે મંત્ર જપે રહી એજ પ્રકારે ॥ વલી હંસ હંસ એ મંત્રનો દ્રષ્ટા આપ વીચ્યારીયો॥ કહે છોટમ બાહ્ય પદાર્થમાં મનને જાતુ વારીયે ॥૯॥ પ્રમથ ચક્ર આધાર ચાર દલ ચીતવે તેમાં॥ વશંષંસં વર્ણ અનોપમ ચીતવે એમાં ॥ રંગ પતંગ સમાંન ગણપીપ દેવ વીચારો॥ સીધી બુધી સમેત; ધ્યાનમાં તેનેધારે ॥ છસે જાપ અરપણુ કરી પુજામન ઉપચારછે કહે છોટમ એ દેવતા સીધી તણા દાતાર છે ॥ ૧૦ ॥ તેપર સ્વાધીષ્ઠાન ષટે દલસુદર પેખે ॥ બથકીલપર જંત વર્ણષટ તેમાં દેખે ॥ દેવ પ્રજાપતી નાંમ શક્તિ સંયુક્તની હાસેઃ પીલો જેનો રંગ બાલાણી તેમાં ભાસે ॥ ષટ હજાર જપ અરપણુ કરી; પુજામન ઉપચ્યાર છે ॥ કહે છોટમ એ દેવતા સુખસંપતી દાતાર છે ॥ ૧૧ ॥ મણીપુર નાભી સ્થાન દશે દલવાલુ કહીયેઃ ડકાર આદી ફકાર અંત દશે અક્ષર લહીયે ॥ નીલ મણી સમરંગ દેવ શ્રી વીષ્ણું તેમાં ॥ ચંદ્રસુર્ય રાણેજ રહ્યું છે ઉજાશ એમાં ॥ ષટ હજાર જપ અરપણુ કરીઃ પુરણ પ્રેમે પુજવા કહે છોટમ તેને દેવનાં સ્વરૂપ લાગે સુઝવા ॥ ૧૨ ॥ હૃદે અનાહત ચક્ર રહે દ્વાદશ દલ એમાં ઉજાશ હું સમાંન રંગ છે સુંદર તેમાં ॥ કકાર આદી ઠકાર અંત જે અક્ષર એના ॥ બારે દલમાં બાર શોભતા સુરજ જેવા ॥ દેવ નહાં માહાદેવ છે પ્રેમ સહીત પુજા કરે ખટ હજાર જપ અરપણુ કરી;

કહે છોટમચીત કંડે ધરે ॥ ૧૩ ॥ કંડે કમલ વીશુધ રહ્યા છે શોડ શં-
આશ ાં ષોડ શસ્વર તે માંય શોભતા દીસે સારા ॥ વીચીત્ર તેમાં રંગ
દેવ જીવાત્મા કહીયે: અજપા એક હજાર તેહમાં અરપી રહીયે ॥ વળી
પુજા મન ઉપચારથી, પુરણ પ્રેમે કીજીયે કહે છોટમ આજ્ઞા ચક્રમાં તે ઉ-
પર ચીત દીજીયે ॥૧૪॥ દવેદલ આજ્ઞા ચક્ર ભ્રગુટી માહી બીરાજે: હંક્ષં
અક્ષર યુકત શશી રવી સરખા છાજે ॥ પરમાત્મા છે દેવ જલહલે જોતી
જેની: બાલ્યા બીજ સ્વતંત્ર અધીક શોભા છે એની ॥ તે પુજી પુરણ પ્રે-
મથી જે હજાર જપ અરપણ કરે ॥ કહે છોટમ શીશ સરોજમાં સાધક
જન સુરતા ધરે ॥ ૧૫ ॥ શીશ સહસ્ત્ર સરોજ દલોવાળુ જે કે'છે અમૃ-
તનો શ્રવનાર ચંદ્રમા મધ્યે રહે છે ॥ જીવ રૂપ જે હંસ આતમા રે છે
એમાં અજપા એક હજાર પ્રેમથી અરપો તેમાં ॥ તે અમૃતની વૃષ્ટિવડે
ષટે ચક્ર પોખાય છે ॥ કહે છોટમ તે હંસનુ હવેની રૂપણુ થાય છે ॥૧૬॥
જગમાં પંખી જાત્ય શબ્દ ઉચરે છે જેવા ॥ તેવું તેનું નામ લોક ધારે
છે તેવા કાકાનો કરનાર કાગ સરવે જન કે છે ॥ હંસ હંસ કહેનાર હંસ
કહી વેદ વેદ છે તે આત્મા રદય વીષે રહી પ્રાણવાયુંની સંગમાં હંસ હંસ
વાંણી વદે કે છોટમ આપ ઉમંગમાં ॥ ૧૭॥ જગ્યાસુને ધ્યાન ધારણુ ક-
રવા કાજે ॥ પંખી રૂપે હંસ કહ્યો શ્રુતીમાં જગ રાજે ॥ અગ્ની સોમ બે
પાંખ: વામને દક્ષણ પાસા શીર ઠાંમ ૐકાર ભાનુ કોટી પરકાશ ॥ વળી
મુખને ઠાંમે રૂદ્ર છે; રૂદ્રાણી ચરણે રહે: કહે છોટમ એ હંસનું સ્વરૂપ
કોઇ વીરલા લહે ॥ ૧૮॥ ત્વંપદનો એ અર્થ અર્થછે તત્પદ કરો તત્પદ
બ્રહ્મસ્વરૂપઉપાધી રહીત અનેરો ॥ ત્વંપદ જીવ અશકત અવીદ્યા આશ્રીત
કાવો વાદલ ઓથે અર્ક તેજ હત થ્રષ્ટે આવે ॥ વળી નખથી તથા સીખા
લગી વ્યાપક તો રે છે સહી ॥ કહે છોટમ બહુ કલ્પના કરે સદા હદયે
રહી ॥ ૧૯ ॥ હદયકમલની મધ્ય આઠ પાંખડીયો કાવે ॥ જે પાંખડીયે
જાય થાય જીવ તેજ સમાવે ॥ પુર્વ દલે જો જાય પુન્ય કરવા મન પ્રેરે ॥
અગ્ની દીશાયે જાય ઉંઘ ને આળસ ઘેરે ॥ વળી દક્ષણ દલ ઉપર પલે
ક્રોધ ઉપજી જાય છે ॥ કહે છોટમની રતી દલે જતાં પાપ તણી મતી
થાય છે ॥ ૨૦ ॥ પશ્ચીમ દલ પર હંસ પલે છે જેણી વારે સુખ સાર
ઉદ્યોગ સર્વ સુજેછે ત્યારે ॥ વાયું દલપર વાસ જે સમે હંસ કરેછે; કરવા ગ
મનવીશેષ તે સમે ચીત્ત ધરેછે વલી ઉત્તર દલપર હંસનો વાસ જે સમે

થાય છે ॥ કહે છોટમ સ્ત્રી સંભોગની ઇચ્છા ઉપજી જાય છે ॥ ૨૧ ॥ ઇશાન દલ પર હંસ વસે જઇ જોણી વારે ॥ દેવા ઉતમ દાન થાય છે વૃત્તી ત્યારે ॥ હંસ કમલની મધ્ય વસે જઇને જોરો તે વેળા વૈરાગ્ય થાય છે મનમાં તેવો વળી કમળ કેસરે જઇ વસેછે જાગૃત સહુતન થાયછો॥ કહે છોટમ કેસરમાં વસે સ્વપ્ન અવસ્થા થાય છે ॥ ૨૨ ॥ કમલનીલમાં જાય થાય નીંદ્રા તે ઠાંમે ॥ કરે કમલનો ત્યાગ અવસ્થા તુરીયા પામે॥ આત્મા કહીયે જ્ઞેય ધ્યાંન ધરનારો જ્ઞાતા ત્રીપુટી બ્રહ્મ સ્વરૂપ લહે તે તુરી વીક્ષાતા. જ્ઞાતા જેને જ્ઞાંન વલીયે ધ્યાતા ને ધ્યાંન છે એ ત્રીપુટી ભંગ થયા પછી કહે છોટ બ્રહ્મની ધ્યાંનછે ॥૨૩॥ ત્રીપુટીનું હોય ભાન જયાં લગી ચીતમાં જેને અસંપ્રજ્ઞાતી નાંમ સમાધી કહીએ તેને ॥ હોય ત્રીપુટી ભંગ સમાધી સંપ્ર જ્ઞાતાઃ ત્રણ્ય એક થઇ જાયઃ ધ્યાન ધેને વલી ધ્યાતા તે નાદરૂપપર બ્રહ્મમાં આપ એકતા થાય છે ॥ કહે છોટમ અદ્વૈત એ બ્રહ્મ થયો કેવાય છે ॥ ૨૪ ॥ અકાર ઉકારમકાર બીંદુને નાદન્ન કહીયે પંચ અવયઓંકાર બ્રહ્મનુ વાચક લહીયે ॥ અકાર આદી ત્રણ્ય પ્રથમ માત્રાયો જે છે ॥ વી. શ્વ તૈજસને પ્રાજ્ઞ તણું વલી વાચક તે છે નાદ બીંદુ બે બ્રહ્મનુ વાચક નીશ્ચે જાંણીયે છે બિંદુ વાચક સગુણનુ નાદ અગુણ ઉર આંણીયે ॥૨૫॥ છે દુલભ અત્યંત અવસ્થા તુરીયા નાંમે ॥ સદગુરૂ કૃપા અપાર થકી કોઇ વીરલા પાંમે ॥ થાવા તુરીયા તીત આદરે યોગીઝારે ॥ ષટ ચક્રમાં હંસ જુકિતયે જાણે ત્યારે ॥ એ પ્રથમરૂપ પોતાતણું હૃદય વીષે ચીંતવન કરે ॥ કહે છોટમ પરબ્રહ્મનુ ધ્યાન નીંદરૂપે ધરે ॥ ૨૬ ॥ મુલથી મસ્તક લગી બ્રહ્મનું તેજ વીચારેઃ નાદરૂપની માંય અચલરે દશમે દ્વારે ધીરે ધીરે પ્રાણ મુલથી ખેંચે જોગી; બ્રહ્મરંધ્રમાં ભરે બ્રહ્મ રસના જે ભોગી ॥ વળી આત્મારૂપી હંસને ધ્યાતારૂપ ચીંતવન કરે ॥ ધ્યેયરૂપ લહી નાદને ધ્યાતા ધે એકતા કરે ॥ ૨૭ ॥ હંસમંત્ર એક ક્રોડ થાય જપ સંખ્યા ઝારે ॥ સીદ્ધી પ્રગટ કરનાર નાદ દશ પ્રગટે ત્યારે ॥ પ્રથમ કીંકીણી નાદ ઘુઘરી ઘમ કે જેવી બીજી ઘંટા નાદ શંખ ધુની તેવી ॥ વળી ચો-થીઃછે ધુની શીહની તંત્રી પંચમ જાંણીયે ॥ છઠી વાગે વાંસળીઃ વળી સા-તમી તાલ પ્રમાણીયો ॥ ૨૮ ॥ અષ્ટમી નાદ મૃદંગ નવમીતો ભેરી જેવી દશમી ગરજે મેઘ થાય ધુની સઘળો તેવી ॥ એમ દશ વીધી નાદ ધ્યાંનથી પ્રગટે જયારે કરી નવેનો ત્યાગ ધ્યાંન દશમાનું

ધારે ॥ દશમો બ્રહ્મ સરૂપ છે ત્યાંહાં લીંગ દેહ ટળી જાય છે ॥ કહે છોટમ જીવ શીવનો ભેદ મટી એક થાય છે ॥ ૨૯ ॥ નાદ બ્રહ્મ અભ્યાસ કરયે હોય પ્રાપ્તી જેવીઃ સાંભળ્ય શીષ્ય સુજાણ કહું હું તુજને તેવી ॥ પ્રથમ નાદનું ધ્યાન ધરે જોગી જે વારે સકલ દેહની માંય ઝણુ ઝણી ચઢશે ત્યારે વળી બીજામાં મન ધારતા પીડા અંગે થાય છેઃ કહે છોટમ ત્રીજા નાદથી ખેદ ઉપજી જાય છે ॥ ૩૦ ॥ ચોથેનાદે ચીત ધારતાં ઉપજે એવું કંપે થર થર શીષ અમલ પીતાં હોય જેવુ ॥ નાદ પંચમાં માંય ધ્યાન ધ્યારે જેવારે ॥ તાલુમાંથી ચંદ્ર શ્રવે અમૃત તેવારે॥ વલી સુણતાં છઠા નાદમાં પાન કરે અમ્રત તણું કહે છોટમ તેના દેહમાં ઉપજે સુખ અતીશે ઘણું ॥ ૩૧ ॥ સુણે સાતમો નાદ સુઢ વીજ્ઞાન પ્રકાસે ॥ સહુના મનની વાત તુર્ત તે જાણી જાશે ॥ નાદ આઠમા માંયઃસુરત જે વેલા જાશેઃ પરાવાંણીનો શબ્દ પછી તેને સંભલાશે ॥ વલીધારે નવમા નાદમાં ધ્યાન એક ચીતે રહી ॥ રહે છોટમ તે જોગી તણો દેહ કોય દેખે નહી ॥૩૨॥ સુણે દુરની વાત દુરની વસ્તુ દેખે ॥ એક સ્થાન કે રહીઃ શ્રષ્ટીનાં કઉતક પેખે ॥ નવે નાદની માંય થાય છે સીધી એવી ॥ જેજે ઇછા થાય કરી સકે ક્યા તેવી ॥ છે ક્લેશરૂપ સીધી સહુ જાણી શાંણા પરહરે ॥ નવે નાદને પર હરી કહે છોટમ ચીત દશમે ધરે ॥ ૩૩ ॥ દશમો મેઘસમાંન નાદગર જે જેવારે ॥ અચલ કરીને ચીત ધારણા તેમાં ધારે ॥ પાપ પુન્ય સંસ્કાર દગ્ધ થઇ જાયે એમાંઃ સોલ કલાનો જીવ દેહ લય પાંમે તેમાં ॥ પછી એક મેવ અદ્વૈત જે બ્રહ્મ માત્રરે છે સહી કહે છોટમ સરીતા સીધુમાં મલતાં જુગલ રહે નહી ॥ ૩૪ ॥ હસં શબ્દનો અર્થ લક્ષરૂપે ગ્રહી લેવો મન જયકાજય ઉપાય કહ્યો છે ઉપર તેવો ॥ જ્યાં લગી ચંચલ મંન ત્યાં લગી બ્રહ્મ ન ભાસેઃ વેતા જલની માંય વદન કેમ જોવું જાશે ॥ માટે હંસ ઉપાસના વીધીયે કહી છે વેદમાં; કહે છોટમ સદગુરૂ મલે તે જન સમઝે ભેદમાં ॥ ૩૫ ॥ હંસ ઉપાસન કરે ઠરે મન નિશ્ચલ ઠામે હંઉપાસન વડે બ્રહ્મ લોકે સુખ પામે ॥ લહે હંસનો લક્ષ બ્રહ્મમાં જીવ ભલે છે. લહે હંસનો લક્ષ જન્મને મર્ણું ટલે છે ॥ લહે લક્ષ જે હંસનો મોહા મુક્ત જન થાય છે ॥ કહે છોટમ પદરજ તેહની ગાંગાદીક સહુ ચ્હાય જે ॥ ૩૬ ॥ જે જન મહુરત માત્ર હંસનુ ધ્યાન

ધરે છે જન્મ કોટી સત તણું પાપને ભસ્મ કરે છે ॥ તીરથ ઉઠ કરે યજ્ઞ તણું ફલ પ્રગટે એને ॥ નીત્ય નીત્ય યજ્ઞ સહસ્ત્ર તણુ ફલ આવે એને ॥ વલી કોટી દેવ પુજા તણુ તે નરને ફલ થાય છે કહે છોટમ શીવને શેષજી મહીમા એનો ગાય છે ॥ ૩૭ ॥ નાવીક ખેડે નાવ માહા મધ્યે અરે મુતારામાં સુર્ત નિરંતર રાખે ત્યારે; યોજન જાય અનેક તોય નીજ ઠામ ન ભુલે: લાવે ધનને માલ મગન થઇ મનમાં ફુલે ॥ એમજ ભવસાગર વીષે હંસ લક્ષ ભુલે નહી; કહે છોટમ સુખમાં રહે અંતે જઇ નીજ ઘર મહી ॥ ૩૮ ॥ દરસે જેણી વાર કાંયજો ચીન્હ મરણનુ ધરીયે તીશ દીન ધ્યાન સ્થીર થઇ હંસ વરણનુ ॥ શકતીરૂપ સકાર હકાર તે શંભુ કહીયે; બીંદુબ્રહ્મ કુટસ્થ ॥ સર્વ ગત સાક્ષી લહીયે ॥ એ બ્રહ્મરૂપ જાણી કરી. સંશે સઘલા ટાલીયે ॥ કહે છોટમપર બ્રહ્મને ભેદ વીવરજીત ભાલીયે ॥ ૩૯ ॥ નીજ શરીરની છાંય તેજથી દીસે જયારે; તેનો જાં હોય કંઠ દ્રષ્ટી ત્યાંહાં ધરીયે ત્યારે; જપતો મંત્ર અઘોર એક શત સુધી મનમાં વલતી ઉંચી સુર્ત્ત ધારતી તુર્ત ગગનમાં ॥ ત્યાં નરાકાર ઉજવલ અતી; નખશીખ સુધી નીહાલીયે કહે છોટમ ભય મર્ણનો તેવું દેખી ટાળીએ ॥ ૪૦ ॥ શીષ રહીત દેખાય મર્ણ ખટમાસે લહીયે ॥ દીસે સુર્ત્ત શ્યામ મર્ણના દીવસે કહીયે ॥ બાહુ હીન દેખાય રોગ અંગે ઉપજાવે. મધ્યે દીસે છીદ્ર ઘાત કે બંધન આવે પીલો રાતો દેખીયે લાભ તથા; સુખ જાણીયે; કહે છોટમ દીસે ઉજલો તો આયુષ અધીક પ્રમાણીએ ॥ ૪૧ ॥ જન્મ મરણ ગૃભવાસ ત્રાસ જેને મન આવે; ઉપજે મન વૈરાગ પુર્વના પુન્ય પ્રભાવે ॥ યોગ જ્ઞાન સંપન્ન મલે સાચા ગુરૂ તેને ॥ હંસ શબ્દનો અર્થ શુધ સમઝાવે તેનો॥ વલતી નીશ દીન લક્ષમાં; ચીત અચલ રાખે રહી કહે છોટમ સંસારમાં નર તે ભ્રમણ કરે નહી ॥૪૨॥ હંસ શબ્દનો અર્થ ચીત્તવે મનમાં એનો અક્ષર સ્વર નહી કાંય, શુધ ચેતનમય તેનો ॥ જ્યાં સુધી આકાશ શબ્દ ત્યાંસુધી થાશે ॥ એ આકાશાતીત કેમ તે વચને ગાશે ॥ એક બ્રહ્મ આનંદ ઘન મનવાંણી વરજીત સદા ॥ કહે છોટમ ભવ ભય ટલે હંસ મલે તેમાં તદા ॥ ૪૩ ॥ અગણીત ઈંડ કટાહ હંસ આધારે રેછે ॥ તારા સુરજ ચંદ્ર તે વડે તેજ કરે છે ॥ એક સુત્ર આધાર રહ્યા છે મણી ગણુ જે-

ગા ॥ લોક ચતુર દશ માત્ર હંસ આધારે તેવા વલી દૈવત દેવી દેવમાં હંસ તણું જાણો સહુ કહે છોટમ મહીમા એહનો કેમ એક મુખથી કહુ ॥ ૪૪ ॥ સર્વ ઉપાસન માંય હંસ ઉપાસન મોટુ; હંસ વીના જડતુ લ્ય ખચીતછે સઘળુ ખોટું બાવન અક્ષર તણુ બીજ એક હંસજ કહીયો માત્રા સ્વરને વર્ણુ ઉપજતા એથી લહીએ ॥ વલી મંત્ર તંત્ર વીદ્યા સહુ અક્ષરરૂપ ગણાય છે કહે છોટમ પ્રતિમા પુજિયે જો હંસ પ્રતિષ્ટા થાય છે ॥ ૪૫ ॥ હંસા આલંબન વીના બ્રહ્મ કોયન સકે જાંણી હંસ વીના મુખ કોયવદી પણ નસકે વાણી પીંડ અને બ્રહ્માંડ હંસ આધારે રે છે ઝારે ઉડે હંસ ધાટ સહુ વેરીદે છે ॥ હંસ વીના તત્વો સહુ માયામાં મલી જાય છે. કહે છોટમ શ્રષ્ટી તણું કારણુ એ કહેવાય છે ॥ ૪૬ ॥ ઉગે સ્થાવર બીજ નીરથી પલળે ઝારે ॥ પ્રાંણુ વાયુની સાથ હંસ પેસે તે વારે ॥ મુલ ભાગના અંશ પ્રથમ તે જોડી દે છે ॥ રસ લેવા ભુગાંયઃ પ્રવેશ તે પછી કરે છે ॥ પછી ઉર્ધ ભાગના અંશનાં પત્ર ડાળ સરજે સહુ ॥ કહે છોટમ એ હંસમાં પરમ ચાતુરી છે બહુ ॥ ૪૭ ॥ બ્રહ્મા તે પણુ હંસ હંસ તે વીષ્ણુ કહીએ રૂદ્ર દેવ પણુ હંસ હંસ માહાદેવી લહીયે ॥ ઇંદ્ર અર્કને સોમઃ પવનને પાવક જે છે ॥ દેવી દેવ સમસ્ત હંસરૂપે સહુ એ છે ॥ વળી નાંમરૂપ જગ જેટલું હંસ તણે આધાર છે કહે છોટમ સહુ વીશ્વમાં હંસ ઉપસનસાર છે ॥ ૪૮ ॥ જનકસન શીવ શેષ થયા છે હંસ ઉપાશી ॥ વીશ્વામીત્ર વશીષ્ટ ગતી પામ્યા અવીનાશી ॥ મારકુંડરોમાં કાગ ભુશંડી જેવા; ગૌતમ કપીલ કણુા દમાહામુની સઘળા એવા ॥ વળી રીદ્ધ ચોરાશી નાથ ॥ સાંમ્રથ જે જગમાં થયા ॥ છોટમ હંસ ઉપાસના કરી અમર એવા રહ્યા ॥ ૪૯ ॥ અવીહીત કર્મ અનેક કરી નર દેહ ગમાવેઃ આત્મ તત્વ અનુપમુઢ મનમાંના લાવે ॥ બટ કધારી ભેખ રાખ ચોલીરે રનમાંઃ ક્રોધ લોભ મદ કાંમ ભરેલા રહે છે મનમાં તુછ તાગસી દેવ ઉપાસન તેનું કરતાઃ કપટ ક્રીમીયા કરી છલે જીવને છેતરતા ॥ એ જુઠા જોગી જગતમાં વેષ કરી વીચરે ઘણાઃ કહે છોટમ ભોળા ભમેઃ શેવક થઇ રહે તે તણા ॥ ૫૦ ॥ અરેરે જીવ અચેત થયા છે કલીમાં કેવા નહી ધર્મ નહી ધ્યાંન નહી સજ્જનની શેવા ॥

દંભ કપટ પાખંડ કરે છે જુઠા ધંધા ॥ ભરે પસુવત પેટ અલ્પ બુદ્ધી-
જન એવા તે ઘોર પાપ કરમે કરી કીટ પતંગ આદીં થાય છે ॥ કહે
છોટમ નર દેહને વૃથા ગમાવી જાય છે ॥ પ૧ ॥ હંસ [illegible] ગ્રંથ કહ્યો
સજ્જન હીન માટયે ॥ હોય પુન્યના ઓઘ [illegible] ॥ તુછ
ઉપાસન અંન્ય તજી જે હંસ ઉપાસે બ્રહ્મરૂપ [illegible] તરત તે પ્રાંણી થાશે ॥
વળી પાપ કર્મ સહુ તેહનાં સધ્ધ ભસ્મ થઇ જાય છે કહે છોટમ પરબ્રહ્મ
માં અંતે જઇ સમાય છે ॥ પ૨ ॥

સમાપ્ત.

જાહેર ખબર.

સરવે સદગ્રહસ્થોને વીનંતી કરવામાં આવે છે કે છોટમકૃત પુસ્તક દોહરા, ચોપઇ, છંદ વીગેરે કવીતામાં જનહીતાર્થે રચેલા છે તે પૈકી કોઇને છપાવવાની મરજી હોય તેમણે નીચે લખેલા ઠેકાણે રૂબરૂ મળવા અગર રીપલાઇ કયાંઇથી ખબર મંગાવેથી ખુલાશો મળશે.—

જે પુસ્તકો તૈયાર થયેલાં છે તે નીચે મુજબ.

	કીમત	પોસ્ટેજ
૧ વીવેકજ્ઞાન-પ્રબોધ સુર્યોદય—ભકતી કલ્પતરૂ તારક મહીમા ચારે બાબતનું પુસ્તક ૧ લું.	૦—૫—૦	૦—૦—૬
૨ ગુરૂ મહીમા જ્ઞાનની સપ્ત ભુમીકા. હંસબાવની.	૦—૧—૯	૦—૦—૬

વગર છપાએલા પુસ્તકો પૈકી છપાવવામાં આવશે તે નીચે પ્રમાણે—

	કીમત		કીમત
૧ યોગસાર.	૦—૩—૦	૬ પુરૂષોતમ-યોગીનું આખ્યાન.	૦—૪—૦
૨ શીવ સ્વરોદય.	૦—૩—૦	૭ સતસંગ વીશે નરસીહ કુંવરનું આખ્યાન.	૦—૨—૦
૩ પંચીકરણ.	૦—૩—૦	૮ રણછોડજીનો પ્રબંધ તથા થાળ.	૦—૧—૦
૪ ષટરૂપીપ્રશ્ન. (બ્રહ્મવીધા બાબત)	૦—૨—૦	૯ ભોળીની વારતા. (મરનાર પાછળ શોક નહિ કરવા વીશે)	૦—૨—૦
૫ સાંખ્યસાર.	૦—૨—૦	૧૦ વીવેક મંજરી.	૦—૧—૦

(પોસ્ટેજ જુદું.)

ઉપર મુજબ જે કીમત લખી છે તે જન સમુહને લાભ મળવાના હેતુથી ઘણી ઓછી રાખી છે કે બીજાં પુસ્તકો છપાઇ બહાર પડવાથી સરવેને લાભ મળે માટે જેને રાખવાની મરજી હોય તેમણે પ્રથમથી પોતાનું નામ નોંધાવવું કે પુસ્તક છપાય તેમ પોંચાડવામાં આવશે.

છોટમકૃત કીરતનમાળા ભાગ ૧—૨—૩ બુકસેલર મહાદેવ રામચંદ્ર અમદાવાદમાં ત્રણ દરવાજા આગળનાએ છપાવી છે તે ત્યાંથી મળશે.

કેશવલાલ મગનલાલ.

અમદાવાદ રાયપુર પખાલીની પોળમાં